**અંત** – શ્રી જિનનામઇ સમકિત પામી લેખઇ ત્યારઇ ગિણાસ્યું
**નયવિમલ** કહઈ ધનધન વેદિત પરમાણંદ પદ પાસ્યું. ૭ માં.
—ઇતિશ્રી શેત્રુંજયમંડણ યુગાદિદેવસ્તવનં સંપૂર્ણ.

(૧) લિખિતં પં. રત્નસિંધુરેણ સ્વાત્મપઠનાય શ્રી **પીરાંણ** પત્તને વાસ્તવ્યઃ શ્રેયોસ્તુ સિવદત્તર્ષિકસ્યાયં પુસ્તકં ગ્રંથાગ્રંથ ૧૦૦૦. (લ.સં. ૧૭૬૪) પ.સં.૧૬-૧૭, તેમાં પ.ક્ર.૧૬, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૧૫૬૪સી.

[જૈહાપ્રોસ્ટા પૃ.૬૬-૬૭ તથા ૨૧૪; કૅટલૉગગુરા પૃ.૬૫.]

## ૧૨૦૧. અજ્ઞાત

**(૪૨૨૦) ગંધારાનો શલોકો** લ.સં.૧૭૩૦ પહેલાં

**આદિ** – શ્રી ગઉતમ સ્વામીજી લબ્ધદે શલોકો ગંધારાનો લખો છે.
ઊભકોલાવ સીધં, સરવ સાસ્ત પ્રસીધં,
સકલ ગુણા ગરીઠં, સરવ લબ્ધી પ્રવીઠં. ૧
**સરસતી** સમર ભૂપં, દત સનમાન ભૂયં...

**અંત** – તૂ મુરખ હોએ સહી, મજ સાથે બોલે નહી,
આગે જીતો એ વાદ, શ્રી ગુરુ ગોત્ર પ્રસાદ.

(૧) સંપૂર્ણ સંવત ૧૭૩૦ વરખે માગસીર સુદિ ૧૩ લગ સનીવાર શ્રી **શિવ**ભોગીસ સાધુ પઠનરથં. પ.સં.૩૨૪-૧૭, પ.ક્ર.૧, ઇંડિયા ઑફિસ લાયબ્રેરી નં. સં-૩૪૦૦જીબી.

[કૅટલૉગગુરા પૃ.૪૮-૪૯.]

## ૯૭૫. જિનરંગસૂરિ

[જુઓ આ પૂર્વે ભા.૪ પૃ.૪૧૪.]

**(૪૨૨૧) નેમિ રાજુલ સ્વાધ્યાય** ૧૧ કડી

**આદિ** – જનમ્યઉ જેસલમેર સુરત સંભાલી [રાંણઇ મેડતઇજી એ દેશી.
પ્રણમી સદગુરુપાય ગાયસું **રાજીમતી** સતીજી
જિનરો સીયલ અભંગ પ્રતિબોધ્યઓ દેવર જતીજી. ૧

**અંત** – જે પાલઇ તપ શીલ સુરતરુ સમ જિનવર કહ્યઓજી
**જિનરંગસૂરિ** કહઇ એમ અવિચલ પદ **રાજુલ** લાયઓજી. ૧૧
—ઇતિશ્રી નેમિ રાજુલ સ્વાધ્યાય સંપૂર્ણં.

(૧) સં.૧૭૬૪ વર્ષે મધુમાસે સિતેતર પક્ષે સપ્તસ્યાં તિથૌ કુજવારે વા. શ્રી **ભક્તિવિશાલ**જીગણિ શિષ્ય પં. રત્નસિંધુરેણ લિખિતા. શ્રી

પાટણ નગરે પૂર્ણીકૃતા. પ.સં.૨૮–૧૯, પ.ક્ર.૨૮, પ્ર.સ્ટે.લા. નં.૧૮૯૩ઃ ૩૬૭/૨૦૭૬.

[જૈહાપ્રોસ્ટા પૃ.૯૮–૯૯.]

**૧૦૩૧. જિનચંદ્રસૂરિ** (ખ. જિનરાજસૂરિ–જિનરત્નસૂરિશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૪૪. જિનચંદ્રસૂરિ સૂરિપદ સં.૧૭૧૧ સ્વ. સં.૧૭૬૩.]

**(૪૨૨૨) ગોડી પાર્શ્વનાથ સ્તવન** ર.સં.૧૭૨૨ વૈ.વ.૮

**આદિ–** રાગ કેદાર ગઉડી મિશ્ર.

અમલ કમલ જિમ ધવલ વિરાજઇ ગાજઇ **ગઉડી પાસ**
સેવા સારઇ જેહની સુરનર મન ધરીય ઉલ્હાસ
સોભાગી સાહિબા મેરા બે અરે હાં સુગ્યાંણી સાહિબા મેરા બે. ૧

**અંત –** સંવત **સતરઇ સે બાવીસઇ** વદિ વઇશાખ વખાંણ
આઠમ દિન ભલઇ ભાવ સું મ્હારી યાત્ર ચઢી **પ**રમાંણ. ૮ સો.
સાંનિધકારી વિઘન નિવારી પર-ઉપગારી **પાસ**
શ્રી **જિનચંદ્ર** જુહારતાં મેરી સફલ ફલી સહુ આસ. ૯ સો.
—ઇતિશ્રી ગઉડી પાર્શ્વનાથ સ્તવનં.

(૧) સ્તવનસંગ્રહ, પ.સં.૩૫–૧૫, પ.ક્ર.૮થી ૯, પ્ર.સ્ટે.લા. નં. ૧૮૯૪.૪૨૦/૨૧૧૪.

[જૈહાપ્રોસ્ટા પૃ.૨૮૮.]

**૧૨૦૨. અજ્ઞાત**

**(૪૨૨૩) આદિનાથ સ્તુતિ** ૪ કડી લ.સં.૧૭૪૫ પહેલાં

**આદિ –** આદિ પૂરબ વાર નવાણું **આદિ** જિનેશ્વર આયાજી
**સેત્રુંજ** લાખ અનંતો જાણી વંદું તેહના પાયાજી
જગબંધવ જગતારણ એ ગિરિ દીઠઇ દુરિગતિ વારિજી
યાત્ર કરિનિ છહિરી પાલિ કામ તેહનાં સારિજી. ૧

**અંત –** સયલ મનોરથ સંઘનાં પૂરવિ વંછિત સમકિત ધારિજી
વિમલ શ્રી જગવંતો સબલિ સકતિ તુમ્હારીજી
દેયો દેવ **સેત્તુંજ** સવા કારિજિ સિદ્ધિ અમ્હારિજી. ૪
—ઇતિ શ્રી આદિનાથસ્તુતિ સંપૂર્ણ.

(૧) સં.૧૭૪૫ વર્ષે આસો સુદિ ૧૧ દિન વાર બુધ શ્રી કુંડ ગ્રામે

લિપિકૃતં. પ.સં.૩-૧૫, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૨.૨૩૦/૧૬૯૭.
[જૈહાપ્રોસ્ટા પૃ.૨૫૩.]

**૧૦૫૩. શ્રીદેવ** (જ્ઞાનચંદશિ.)

[જુઓ આ પૂર્વે પૃ.૭૫.]

**(૪૨૨૪) [ઉપદેશ ગીત]** ૮ કડી

**આદિ –** ઢાલ ઓલી મારુના ગીતની

સુણો સુમતી હો સુમતી ધરો મન માહિ સમકિત-રતન
જતન કરી સંગ્રહો
આરાધો આરાધો અરિહંત દેવ દોષ અઢાર અસુભ તિહાં નવિ લહો.૧
દાન લાભ નેહો વીરજ ભોગોપભોગ એ અંતરાય પંચ
પ્રભુ મઇ નહી
રિતિ અરિતિ નેહો હાસ દુગંછા સોગ કામ મિથ્યાત નિદ્રા
ભય નવિ સહી. ૨

**અંત –** મુનિ યોગ હો પાયો શ્રી જિનધર્મ કર્મમાં હરણ કારણ ગુણાં તણો
શિવસંપતિ હો પામો ઇમ વેગ **શ્રીદેવ** વચન વિવેકઇ સો સુણયો. ૮

(૧) પ.સં.૪-૧૫, પ.ક્ર.૩, પ્રુ.સ્ટે.લા. નં.૧૮૯૭.૨૦૭/૨૬૮૩.

**(૪૨૨૫) [રાજલ ગીત]** ૮ કડી

**આદિ –** વનજારીના ગીતની ઢાલ.

ગોખ ચઢી **રાજલ** ઇમ આખે, દરદ હદે અવધારી રે. સહીયા
કંઈસઇ કરિ રાખુ મન મારી છયછબીલે છત્ર હુતઇ સો
છાડી ચલે નિહારી રે. સહી. ૧ એ આંકણી
**સમુદ્રવિજય શિવાદેવીય** નંદન સ્યામ શરીરકે ધારી રે. સહીયાં.
નવભવકે **નેમીશર** પ્યારે તબહીકી મે પ્યારી રે. સહીયાં. ૨

**અંત –** સ્વામી પે સંયમ લેવો શ્રી જિનધર્મ વિચારી રે. સ.
હુઈ સાધવી સતીયસિરોમણિ કામકષાય નિવારી રે. સ. ૭
કર્મ ખપાવી કેવલ પામી સિદ્ધિ આતમ તારી રે. સ.
શ્રી **જ્ઞાનચંદ** ગણીશર સેવક **શ્રીદેવ** તસ બલીહારી રે. સહીયાં. ૮

—સંપૂર્ણેડયં.

(૧) ઉપર્યુક્ત પ્રત, પ.ક્ર.૧થી ૨.

**(૪૨૨૬) [રાજિમતી રહનેમિ સજ્ઝાય]** ૭ કડી

**આદિ –** દેવર દુરિ ખડા રહો તેરા દિલ્લ ફિરેગા